## Gujarat Medical Education and Research Society

"O" Block, New OPD Building, 4th Floor, Civil Hospital Campus, Opp. Pathikashram Hotel,
Gandhinagar – 382016

**(An Organization of Gujarat State Government )**

## Advertisement

Applications are invited in the prescribed format from eligible candidates for the Regular Appointment on the Vacant posts of Nursing Superintendent, Deputy Nursing Superintendent, Assistant Nursing Superintendent /Metron, Public Health Nurse, Sister Incharge in GMERS Medical Colleges attached Hospitals, so as to reach this Society Office on or before dt. 05-06-2017 by 6:10 pm. Application should be sent by Registered post only.

Format of application and other details are available on our Web sites:

**www.gmers.gujarat.gov.in**

www.gmersmchgandhinagar.com

**No.2 /2017** **Chairman**

ગુજરાત મેડીકલ એજ્યુકેશન અને રીસર્ચ સોસાયટી
"ઓ" બ્લોક, ન્યુ ઓપીડી બિલ્ડીંગ, ચોથો માળ, સિવિલ
હોસ્પિટલ કેમ્પસ, પથિકાશ્રમ હોટલ સામે, સેકટર -૧૨,
ગાંધીનગર-૩૮૨૦૧૬

(ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત)

જાહેરાત

જીએમઇઆરએસના નિયંત્રણ હેઠળની મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે નર્સિંગ સંવર્ગની નર્સિંગ અધિક્ષક, નાયબ નર્સિંગ અધિક્ષક, મદદનીશ નર્સિંગ અધિક્ષક/મેટ્રન, પબ્લિક હેલ્થ નર્સ, સીસ્ટર ઇન્ચાર્જની ખાલી જગ્યાઓ ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી, ટપાલ ધ્વારા રજી. એડીથી આ કચેરીને તા.૦૫/૦૬/૧૭ ના રોજ સાંજના ૬.૧૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે અરજીઓ મંગાવવામાં આવે છે.

અરજીપત્રક અને વધુ વિગતો અમારી વેબસાઇટ
www.gmers.gujarat.gov.in/ www.gmersmchgandhinagar.com
ઉપર ઉપલબ્ધ છે:

ક્રમાંકઃ ૨/૨૦૧૭ ચેરમેન

# ગુજરાત મેડીકલ એજ્યુકેશન અને રીસર્ચ સોસાયટી

## "ઓ" બ્લોક, ચોથો માળ, ન્યુ ઓ.પી.ડી. બીલ્ડીંગ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, પથિકાશ્રમ હોટલની સામે સેક્ટર-૧૨, ગાંધીનગર – ૩૮૨૦૧૬.

(ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત)

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, ગાંધીનગરના નિયંત્રણ હેઠળની મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે નર્સિંગ સંવર્ગની નીચેના કોષ્ઠકમાં દરશાવ્યા મુજબ જગ્યાઓ ભરવા લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી આ કચેરીને  તા.૦૫/૦૬/૧૭ ના રોજ સાંજના ૬:૧૦ કલાક સુધીમાં ચીફ એકઝીકયુટીવ ઓફીસર, ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, "ઓ" બ્લોક, ચોથો માળ, ન્યુ ઓપીડી બીલ્ડીંગ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, પથિકાશ્રમ હોટલ સામે, સેકટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૬ મળી જાય તે રીતે રજી.એડીથી મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનુ નામ | ભરવાપાત્ર જગ્યા | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સોલા-અમદાવાદ | ગોત્રી-વડોદરા | ગાંધી નગર | ધારાપુર | વલસાડ | હિંમત નગર | જુનાગઢ | વડ નગર | |
| ૧ | નર્સિંગ અધિક્ષક | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૭ |
| ૨ | નાયબ નર્સિંગ અધિક્ષક | ૦૫ | ૦૪ | ૦૫ | ૦૪ | ૦૫ | ૦૨ | ૦૧ | ૦૨ | ૨૮ |
| ૩ | મદદનીસ નર્સિંગ અધિક્ષક /મેટ્રન | 03 | ૦૮ | ૧૧ | ૧૨ | ૧૪ | ૪ | ૪ | ૫ | ૬૧ |
| ૪ | પબ્લીક હેલ્થ નર્સ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૮ |
| ૫ | સીસ્ટર ઇન્ચાર્જ | ૦૨ | ૦૪ | ૦૮ | ૨૪ | ૩૭ | ૦૭ | ૧૫ | ૨૭ | ૧૨૪ |

### (૧) જગ્યાની શૈક્ષણિક લાયકાત, અનુભવ અને વયમર્યાદા નીચે પ્રમાણે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વય મર્યાદા | શૈક્ષણિક લાયકાત અને અનુભવ |
|---|---|---|---|
| ૧ | નર્સીંગ અધિક્ષક | ૫૦ વર્ષ | (૧) ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી એમએસસી નર્સિંગની ડીગ્રી અને જીએમઇઆરએસ /સરકાર/પંચાયત/લોકલ બોડીઝ /રાજય સરકારના બોર્ડ, કોર્પોરેશન અથવા ૧૫૦ કે તેથી વધુ બેડ ધરાવતી મલ્ટી સ્પેસીયાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો નાયબ નર્સિંગ અધિક્ષક/મેટ્રન ગ્રેડ-૨નો ૨(બે) વર્ષનો અથવા મદદનીસ નર્સિંગ અધિક્ષક/મેટ્રન ગ્રેડ-૩નો ૪(ચાર) વર્ષનો અનુભવ. |

| | | | |
|---|---|---|---|
| | | | **અથવા**<br>ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી બેઝીક બીએસસી(નર્સિંગ), પોસ્ટ બેઝીક બીએસસી(નર્સિંગ) ની ડીગ્રી અને જીએમઇઆરએસ/સરકાર/પંચાયત/લોકલ બોડીઝ /રાજય સરકારના બોર્ડ, કોર્પોરેશન અથવા ૧૫૦ કે તેથી વધુ બેડ ધરાવતી મલ્ટી સ્પેસીયાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો નાયબ નર્સિંગ અધિક્ષક/મેટ્રન ગ્રેડ-૨નો ૪(ચાર) વર્ષનો અથવા મદદનીસ નર્સિંગ અધિક્ષક/મેટ્રન ગ્રેડ-૩નો ૬(છ) વર્ષનો અનુભવ. |
| ૨ | નાયબ નર્સીંગ અધિક્ષક | ૪૫ વર્ષ | (૧) ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી એમએસસી (નર્સિંગ)ની ડીગ્રી અને જીએમઇઆરએસ /સરકાર/પંચાયત/લોકલ બોડીઝ/રાજય સરકારના બોર્ડ, કોર્પોરેશન અથવા ૧૫૦ કે તેથી વધુ બેડ ધરાવતી મલ્ટી સ્પેસીયાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો મદદનીશ નર્સિંગ અધિક્ષક/મેટ્રન ગ્રેડ-૩ નો ૧(એક) વર્ષનો અથવા સીસ્ટર ઇન્ચાર્જ/હેડનર્સનો ૨(બે) વર્ષનો અનુભવ.<br>**અથવા**<br>ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી બેઝીક બીએસસી(નર્સિંગ), પોસ્ટ બેઝીક બીએસસી (નર્સિંગ)ની ડીગ્રી અને જીએમઇઆરએસ/સરકાર/પંચાયત/લોકલ બોડીઝ/રાજય સરકારના બોર્ડ, કોર્પોરેશન અથવા ૧૫૦ કે તેથી વધુ બેડ ધરાવતી મલ્ટી સ્પેસીયાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો મદદનીશ નર્સિંગ અધિક્ષક/મેટ્રન ગ્રેડ-૩નો ૨(બે) વર્ષનો અથવા સીસ્ટર ઇન્ચાર્જ/હેડનર્સનો ૩(ત્રણ) વર્ષનો અનુભવ.<br>**અથવા**<br>ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી જનરલ નર્સિંગ એન્ડ મીડવાઇફરી તથા પીએચએન કોર્ષ અને જીએમઇઆરએસ/સરકાર/પંચાયત/લોકલબોડીઝ/રાજય સરકારના બોર્ડ, કોર્પોરેશન અથવા ૧૫૦ કે તેથી વધુ બેડ ધરાવતી મલ્ટી સ્પેસીયાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો મદદનીશ નર્સિંગ અધિક્ષક/મેટ્રન ગ્રેડ-૩નો ૨(બે) વર્ષનો અથવા સીસ્ટર ઇન્ચાર્જ/હેડનર્સનો ૫(પાંચ) વર્ષનો અનુભવ.<br>**અથવા** |

| | | | |
|---|---|---|---|
| | | | ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી જનરલ નર્સિંગ એન્ડ મીડવાઇફરી કોર્ષ અને જીએમઇઆરએસ/સરકાર/પંચાયત/લોકલબોડીઝ/રાજય સરકારના બોર્ડ, કોર્પોરેશન અથવા ૧૫૦ કે તેથી વધુ બેડ ધરાવતી મલ્ટી સ્પેસીયાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો મદદનીશ નર્સિંગ અધિક્ષક/મેટ્રન ગ્રેડ-૩નો ૩(ત્રણ) વર્ષનો અથવા સીસ્ટર ઇન્ચાર્જ/હેડનર્સનો ૮(આઠ) વર્ષનો અનુભવ. |
| ૩ | મદદનીશ નર્સિંગ અધિક્ષક | ૪૦ વર્ષ | (૧) ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી એમએસસી (નર્સિંગ)ની ડીગ્રી અને જીએમઇઆરએસ /સરકાર/પંચાયત/લોકલ બોડીઝ/રાજય સરકારના બોર્ડ, કોર્પોરેશન અથવા ૧૫૦ કે તેથી વધુ બેડ ધરાવતી મલ્ટી સ્પેસીયાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો સીસ્ટર ઇન્ચાર્જ/હેડનર્સનો ૧(એક) વર્ષનો અનુભવ.<br>**અથવા**<br>ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી બેઝીક બીએસસી(નર્સિંગ)/પોસ્ટ બેઝીક બીએસસી (નર્સિંગ)ની ડીગ્રી અને જીએમઇઆરએસ/સરકાર/પંચાયત/લોકલ બોડીઝ/રાજય સરકારના બોર્ડ, કોર્પોરેશન અથવા ૧૫૦ કે તેથી વધુ બેડ ધરાવતી મલ્ટી સ્પેસીયાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો સીસ્ટર ઇન્ચાર્જ/હેડનર્સનો ૩(ત્રણ) વર્ષનો અનુભવ.<br>**અથવા**<br>ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી જનરલ નર્સિંગ એન્ડ મીડવાઇફરી તથા પીએચએન કોર્ષ અને જીએમઇઆરએસ/સરકાર/પંચાયત/લોકલબોડીઝ/રાજય સરકારના બોર્ડ, કોર્પોરેશન અથવા ૧૫૦ કે તેથી વધુ બેડ ધરાવતી મલ્ટી સ્પેસીયાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો સીસ્ટર ઇન્ચાર્જ/હેડનર્સનો ૪(ચાર) વર્ષનો અનુભવ.<br>**અથવા**<br>ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી જનરલ નર્સિંગ અને મીડવાઇફરી કોર્ષ અને જીએમઇઆરએસ/સરકાર/પંચાયત/લોકલ બોડીઝ રાજય સરકારના બોર્ડ કોર્પોરેશન અથવા ૧૫૦ કે તેથી વધુ બેડ ધરાવતી મલ્ટી |

| | | | |
|---|---|---|---|
| | | | સ્પેસીયાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો સિસ્ટર ઇન્ચાર્જ/હેડનર્સનો પાંચ વર્ષનો અનુભવ. |
| ૪ | પીએચએન | ૪૦ | ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી એમએસસી (નર્સિંગ)ની ડીગ્રી/ બેઝીક બીએસસી (નર્સિંગ) /પોસ્ટ બેઝીક બીએસસી (નર્સિંગ)ની ડીગ્રી/ જનરલ નર્સિંગ એન્ડ મીડવાઇફરી તથા પીએચએન કોર્ષ. |
| ૫ | સીસ્ટર ઇન્ચાર્જ | ૪૦ વર્ષ" | (૧) ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી એમએસસી (નર્સિંગ)ની ડીગ્રી.<br>**અથવા**<br>ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી બેઝીક બીએસસી (નર્સિંગ)/પોસ્ટ બેઝીક બીએસસી (નર્સિંગ)ની ડીગ્રી અને જીએમઇઆરએસ/સરકાર/પંચાયત/લોકલ બોડીઝ/રાજય સરકારના બોર્ડ, કોર્પોરેશન અથવા ૧૫૦ કે તેથી વધુ બેડ ધરાવતી મલ્ટી સ્પેસીયાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો સ્ટાફ નર્સનો ૨(બે) વર્ષનો અનુભવ.<br>**અથવા**<br>ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી જનરલ નર્સિંગ એન્ડ મીડવાઇફરી તથા પીએચએન કોર્ષ અને જીએમઇઆરએસ/સરકાર/પંચાયત/લોકલબોડીઝ/રાજય સરકારના બોર્ડ, કોર્પોરેશન અથવા ૧૫૦ કે તેથી વધુ બેડ ધરાવતી મલ્ટી સ્પેસીયાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો સ્ટાફ નર્સનો ૪(ચાર) વર્ષનો અનુભવ.<br>**અથવા**<br>ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા જનરલ નર્સિંગ અને મીડવાઇફરીનો કોર્ષ અને જીએમઇઆરએસ/સરકાર /પંચાયત/લોકલ બોડીઝ/રાજય સરકારના બોર્ડ કોર્પોરેશન અથવા ૧૫૦ કે તેથી વધુ બેડ ધરાવતી મલ્ટી સ્પેસીયાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો સ્ટાફનર્સનો ૫(પાંચ) વર્ષનો અનુભવ. |

ઉપરોકત તમામ જગ્યા માટે ઉમેદવાર ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય નર્સિંગ સ્કૂલ/કોલેજમાંથી તાલીમ મેળવીને ગુજરાત નર્સિંગ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન ધરાવતા હોવા જોઇએ. આમ છતાં રજીસ્ટ્રેશન માટે ગુજરાત નર્સિંગ કાઉન્સિલને અરજી કરી હોય તેવા ઉમેદવારોપણ

અરજી કરી શકશે. પરંતુ તેઓને જો નિમણૂંક મળે તો રજીસ્ટ્રેશન સર્ટી રજુ કરે તો જ નિમણૂંકમાં હાજર કરવામાં આવશે.

તમામ જગ્યાના ઉમેદવાર કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી અંગે બેઝીક નોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન ધરાવતા હોવા અંગે કોઇ પણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઇએ. આવુ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે પરંતુ નિમણૂંક મેળવતાં પહેલાં આ પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર રહેશે નહી.

તમામ ઉમેદવારો હીન્દી અથવા ગુજરાતી અથવા બંને ભાષાનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

(૨) **ઉંમર:** ઉપર પત્રકમાં જણાવ્યાનુસાર

(3) **પગારધોરણ** : આ જગ્યાનું પગારધોરણ/ ફિક્સ પગાર નીચે પ્રમાણે છે.

| ક્રમ | જગ્યાનું નામ | પગારધોરણ | ફિક્સ પગાર |
|---|---|---|---|
| ૧ | સીસ્ટર ઇન્ચાર્જ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડપે-૪૨૦૦ | રૂ.૩૮૦૯૦/- |
| ૨ | મદદનીશ નર્સીંગ અધિક્ષક/મેટ્રન | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડપે-૪૪૦૦ | રૂ.૩૮૦૯૦/- |
| ૩ | પબ્લીક હેલ્થ નર્સ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડપે-૪૪૦૦ | રૂ.૩૮૦૯૦/- |
| ૪ | નાયબ નર્સીંગ અધિક્ષક | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડપે-૪૬૦૦ | રૂ.૪૯૦૦૦/- |
| ૫ | નર્સીંગ અધિક્ષક | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડપે-૫૨૦૦ | રૂ.૫૭૫૦૦/- |

(૪) **નાગરિકત્વ** : ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ.

અરજી કરવાની છેલ્લી તારીખે ઉપરોકત તમામ જગ્યાઓના ઉમેદવારની ઉંમર ઉપર જણાવેલ વય મર્યાદાથી વધુ હોવી જોઇએ નહીં. પરંતુ સરકારના નિવૃત નર્સિંગ કર્મચારીઓ ૬૪ વર્ષની વયમર્યાદા સુધી અરજી કરી શકશે. નિવૃત નર્સીંગ કર્મચારીઓને એક વર્ષ માટે ફીકસ પગારથી કરાર આધારીત નિમણૂંક આપવામાં આવશે જે વધુ ત્રણ વર્ષ સુધી લંબાવી શકાશે.

(૫) **અનામતઃ-**

ઉપરોકત જગ્યાઓ પૈકી અનુસુચિત જાતિની ૭%, અનુસુચિત જન જાતિની ૧૫% અને સા.શૈ.પ.વ.ની ૨૭% અનામત જગ્યાઓ ફકત મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ અને સા.શૈ.પ.વ.ના ઉમેદવારો માટે અનામત છે. સામાજીક અને શૈક્ષણિક પછાત ઉમેદવારોને ઉન્નત વર્ગમાં ન હોવા અંગેનું પ્રમાણપત્ર રજુ કરશે તો જ તેઓને અનામતનો લાભ મળવાપાત્ર રહેશે.

મહિલા માટે ૩૦% જગા અનામત છે. જે તે અનામત/બિનઅનામત જગા સામે સરભર કરવામાં આવશે. મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે લાયક પુરુષ ઉમેદવારોથી ભરવામાં આવશે.

માજી સૈનિક માટે કુલ ભરવાપાત્ર જગાના ૧૦% જગા અનામત છે અને જે તે અનામત અને બિનાનામત જગ્યાઓ સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિક માટેની અનામતજગ્યાઓ માટે જો લાયક ઉમેદવારો ઉપલબ્ધ થશે નહી તો તે જગ્યાઓ અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

શા.ખો.ખાં.ના ઉમેદવારો માટે ૩% જગ્યાઓ અનામત છે અને જે તે અનામત / બિનાનામત જગ્યાઓ સામે સરભર કરવામાં આવશે. આવા ઉમેદવારો ઉપલબ્ધ થશે નહિં તો તે જગ્યાઓ અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

**(૬) વયમર્યાદામાં છુટછાટ:-**

૧. મુળ ગુજરાતના વતની હોય તેવા અનુ.જાતિ, અનુ.જન.જાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાત ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

૨. સામાજીક અને શૈક્ષણિક પછાત ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં ન હોવા અંગેનું પ્રમાણપત્ર રજુ કરશે તો જ તેઓને વયમર્યાદામાં છૂટછાટનો લાભ આપવામાં આવશે.

૩. ૪૦% કે તેથી વધુ શારિરીક અશક્તતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં દશ વર્ષની છૂટછાટ આપવામાં આવશે.

૪. અનામત કક્ષાના / શારિરીક અશક્તતા ધરાવતા ઉમેદવારોને મળવાપાત્ર ઉપલી વયમર્યાદાની છૂટછાટ ઉપરાંત મહિલા તરીકે પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

૫. ક્રમ ૧,૨,૩ ઉપરની ગ્રેડ-૩ ની જગાઓના ઉમેદવારો પૈકી જે ઉમેદવારોએ રાષ્ટીય, આંતરરાષ્ટીય, આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત સંઘ દ્વારા યોજાતી રમતોમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવી ગુણવત્તા ધરાવતા ઉમેદવાર તે અંગે ઠરાવેલ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ નિયત પ્રમાણપત્ર રજુ કરશે તો તેમના કીસ્સામાં ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

૬. મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

૭. માજી સૈનિક ઉમેદવારોએ કે જેઓએ જળ. વાયુ અને ભૂમિ સેનામાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખ કાર્ડ / પ્રમાણપત્ર ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજ ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ આપવામાં આવશે.

૮. ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી / સરકાર / પંચાયતમાં ફરજ બજાવતાં કર્મચારીઓને ઉપલીવય મર્યાદામાં નિયમોનુસાર છુટછાટ આપવામાં આવશે.

૯.	ઉંમર છુટછાટ અંગે ઉપરની કોઈ પણ જોગવાઈ હોવા છતાં નિવૃત્ત નર્સિંગ કર્મચારી સિવાય કોઈપણ ઉમેદવારને નિયત તારીખે ઉંમર ૫૦ વર્ષથી વધુ હશે તો કોઈપણ સંજોગોમાં વય મર્યાદામાં છુટછાટ આપવામાં આવશે નહીં.

**(૭)	અરજી ફી :**

**અરજી ફી નીચે પ્રમાણે રાખીએ.**

૧.	સમાન્ય ઉમેદવારો માટે અરજી ફી રૂ. ૨૦૦/- રહેશે.

૨.	અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારિરીક વિકલાંગ ઉમેદવારોએ કોઈ ફી ભરવાની રહેશે નહી.

૩.	સામાન્ય ઉમેદવારની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહિ.

૪.	અરજી ફી કોઇપણ કારણોસર પરત કરવામાં આવશે નહિ.

૫.	અરજી ફી પેટે ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી ગાંધીનગરના નામનો પેએબલ એટ ગાંધીનગરનો કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકનો રૂ. ૨૦૦ નો ડીમાન્ડ ડ્રાફ્ટ અરજી સાથે રજુ કરવાનો રહેશે. અન્ય કોઈપણ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

**(૮)	અરજી કરવાની રીત** :-

(૧)	અરજદારે જીએમઈઆરએસની www.gmers.gujarat.gov.in/www.gmersmchgandhinagar.com વેબસાઇટ ઉપરથી નિયત અરજીપત્રક ડાઉનલોડ કરી જરૂરી પ્રમાણપત્રોની સેલ્ફ એટેસ્ટેડ ઝેરોક્ષ અને અરજી ફીની નકલ સાથે, અરજી પત્રક, ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર, ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસયટી, :ઓ" બ્લોક ન્યુ ઓપીડી બિલ્ડીંગ ચોથો માળ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, પથિકાશ્રમ હોટલ સામે, સેક્ટર – ૧૨, ગાંધીનગરને તા.૦૫/૦૬/૧૭ સુધીમાં કચેરી સમય દરમ્યાન મળી જાય તે રીતે ટપાલ દ્વારા રજીસ્ટર પોસ્ટ એડીથી અરજી કરવાની રહેશે. રૂબરૂ કે અન્ય કોઈપણ રીતે મોકલાવેલ અરજી સ્વાકારવામાં અવશે નહી.

(૨)	અરજદારે તમામ માંગેલ વિગતો, અરજી પત્રકમાં અવશ્ય જણાવવાની રહેશે. અધુરી કે ખોટી વિગતો દર્શાવેલ અરજી પત્રકો રદ કરવામાં આવશે.

(૩)	અરજી પત્રકમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવાનો રહેશે અને તે જ નંબર ભરતી પ્રક્રિયા પુરી થાય ત્યા સુધી જાળવી રાખવાની રહેશે.

(૪)	અરજી પત્રકના મથાળે અરજદારે ૩.૫×૨.૫નો ફોટો ચોંટાડવાનો રહેશે.

(૫)	અરજદારે અરજીપત્રકમાં પોતાનું નામ સુવાચ્ય અક્ષરે શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં લખવાનું રહેશે. જો નામમાં સુધારો કરવામાં આવેલ હોય તો સરકારી ગેઝેટમાં સુધાર્યા પ્રમાણે નામ લખવાનું રહેશે.

(૬)	શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, વય મર્યાદામાં છુટછાટ, અરજી ફી અને પસંદગીની પધ્ધતિની વિગતો, અનામત જગ્યા અને જાહેરાતની અન્ય તમામ વિગતો જીએમઇઆરએસની વેબસાઇટ www.gmers.gujrat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

(૭)	શારીરીક અશકતતા ધરાવતા ઉમેદવારે અરજી પત્રકમાં અશકતતાની ટકાવારી દર્શાવવાની રહેશે.

(૮) જીએમઇઆરએસ/સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/ કંપનીઓ/ સોસાયટી માં સેવા બજાવતા કર્મચારીઓએ સોસાયટીને અરજી કર્યાની જાણ પોતાની કચેરીના વડાને અરજી કર્યાની તારીખથી દિન-૭માં અચુક કરવાની રહેશે.

(૯) અરજી પત્રક ભરતાં પહેલા વેબસાઇટ પર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓ અને અરજી પત્ર ભરવા બાબતની સુચનાઓ સહિતની વિગતવાર જાહેરાતનો કાળજી પૂર્વક પૂરે પૂરો અભ્યાસ કરવો અને ત્યારબાદ જ અરજી પત્રક ભરવું.

## (૯) ઉમેદવારોએ અરજી સાથે નીચે જણાવેલ પ્રમાણપત્રોની જાતે કરેલ પ્રમાણિત નકલ અચુક જોડવાની રહેશે.

૧. શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર.

૨. શૈક્ષણિક લાયકાતનું પ્રમાણપત્ર અને તમામ વર્ષની માર્કશીટ

૩. અનુભવનું પ્રમાણપત્ર

૪. જો નામમાં ફેરફાર કરેલ હોય તો સરકારી ગેઝેટ

૫. એસસી, એસટી અને એસઇબીસી વર્ગના ઉમેદવારે જાતિ અંગે સક્ષમ અધિકારીના પ્રમાણપત્ર.

૬. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે જાતિના પ્રમાણપત્ર ઉપરાંત ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ થતાં નથી તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર.

૭. શારીરીક અપંગતા ધરાવતાં ઉમેદવારના કિસ્સામાં સંબંધિત જીલ્લા તબીબી બોર્ડનું અપંગતા પ્રમાણપત્ર

૮. વિધવા ઉમેદવારે વિધવા હોવા અંગેનું તથા પુનઃ લગ્ન નહીં કર્યા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર

૯. માજી સૈનિક ઉમેદવારે માજી સૈનિક હોવા અંગેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ / પ્રમાણપત્ર

૧૦. હાલની નોકરી દાતાનું નોકરી મેળવવા અંગે ના વાંધા પ્રમાણપત્ર

૧૧. સીધી ભરતીના નિયમ મુજબ અનુભવ માટે માંગ્યા મુજબના અનુભવના પ્રમાણપત્રો.

૧૨. ઉમેદવારે અનુભવ માટે નોકરી કર્યા અંગેના પ્રોવિડન્ડ ફંડ(સીપીએફ,જીપીએફ,ઈપીએફ)ની નકલ, પગાર સ્લીપની નકલ, છેલ્લે મેળવેલ પગારનુ પ્રમાણપત્ર, મળતો માસિક/વાર્ષિક પગારની સંપૂર્ણ વિગતો રજુ કરવાની રહેશે.

૧૩. રમતગમતમાં ભાગ લીધેલ ઉમેમદવારે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર

૧૪. ગુજરાત નર્સિંગ કાઉન્સીલનું રજીસ્ટ્રેશન

## (૧૦) પસંદગી પ્રક્રિયાઃ

૧. ઉમેદવારોની પસંદગી સમિતી દ્વારા રૂબરૂ મુલાકાત દ્વારા પસંદગી કરવામાં આવશે.

૨. જે ઉમેદવારો જાહેરાતમાં જણાવેલ લાયકાત ધરાવતા હશે તેમને જ રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે.

૩. ઉમેદવારોને રૂબરૂ મુલાકાતની તારીખ સમય અને સ્થળની ટપાલ દ્વારા જાણ કરવામાં આવશે.

૪. રૂબરૂ મુલાકાત સમયે પ્રથમ ઉમેદવારના પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવશે.

૫. જે ઉમેદવારો જો રૂબરૂ મુલાકાત સમયે પોતાના અસલ પ્રમાણપત્ર કોઇપણ કારણોસર રજુ કરી શકશે નહિ તો તેમની રૂબરૂ મુલાકાત(ઇન્ટરવ્યુ) કોઇપણ સંજોગોમાં લેવામાં આવશે નહિ. આથી જેની પાસે કોઇપણ કારણોસર હાલમાં અસલ પ્રમાણપત્રો ઉપલબ્ધ ન હોય તેમણે રૂબરૂ મુલાકાતની તારીખ પહેલાં પોતાના અસલ પ્રમાણપત્ર પોતાની પાસે મેળવી લેવાના રહેશે.

૬. જાતિનું પ્રમાણપત્ર, વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, અનુભવ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય તે અંગેનું પ્રમાણપત્ર વગેરે જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખની સ્થિતિ ધ્યાનમાં લેવાશે.

૭. પસંદગી અંગે કુલ ૫૦ ગુણ રાખવામાં આવશે. જેમાં શૈક્ષણિક લાયકાતના ૩૦ ગુણ, અનુભવના ૧૦ ગુણ, રૂબરૂ મુલાકાતના ૧૦ ગુણ રહેશે. કુલ ગુણ ૫૦માંથી ૫૦ ટકા ગુણ એટલે કે ૨૫ ગુણ મેળવેશે તેવા ઉમેદવારોને પસંદગી માટે યોગ્ય ગણી પસંદગી યાદીમાં સમાવવામાં આવશે. શૈક્ષિણિક લાયકાતના ૩૦ ગુણ પૈકી નર્સીગમાં પોસ્ટ ગ્રેજ્યુએટ, ગ્રેજ્યુએટ, અને ડિપ્લોમાની શૈક્ષિણિક લાયકાત ધરાવતાં ઉમેદવારને જે તે અભ્યાસક્રમ માટે ૧૦ ગુણમાંથી ગુણ આપવામાં આવશે.

૮. શૈક્ષણિક લાયકાત અને અનુભવ એ બંનેના ગુણ રેકોર્ડ આધારીત છે જેથી શૈક્ષણિક લાયકાત માટે ઉમેદવારે નિયત કરેલ શૈક્ષણિક લાયકાતમાં જેટલા ટકા માર્ક મેળવેલ હોય તેમને અનુરૂપ માર્ક પસંદગી સમિતિએ ૩૦ ગુણમાંથી આપવાના રહે. જેમકે જો કોઇ ઉમેદવારે એમએસસી, બીએસસી અને જીએનએમ એમ ત્રણેય અભ્યાસક્રમમાં ૬૦ ટકાથી પાસ કરેલ હોય તો તેમને દરેક અભ્યાસક્રમના ૧૦ ગુણમાંથી ૬ ગુણ એટલે કે કુલ ૩૦ ગુણમાંથી ૧૮ ગુણ મળવાપાત્ર રહેશે. જે ઉમેદવારે બીએસસી અને જીએનએમ કરેલ હોય તેને ૩૦માંથી ૧૨ અને જીએનએમ કરેલ હોય તેને ૩૦ માંથી ૬ ગુણ મળવાપાત્ર રહેશે. તે જ પ્રમાણે અનુભવના દરેક વર્ષના અનુભવ માટે ૧ ગુણ એટલે કે ૧ વર્ષનો અનુભવ હોય તો ૧ માર્ક અને ૧૦ વર્ષનો અનુભવ હોય તો ૧૦ માર્ક એમ વધુમાં વધુ ૧૦ માર્ક મળવાપાત્ર રહેશે. છ માસનો અનુભવ હશે તો ૦.૫ માર્ક આપવામાં આવશે.

૯. નિવૃત નર્સિંગ કર્મચારી સિવાયના ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.

૧૦. ક્રમ ૧,૨,૩ ઉપરની ગ્રેડ-૩ ની જગાઓના ઉમેદવારો પૈકી જે ઉમેદવારોએ રાષ્ટીય, આંતરરાષ્ટીય, આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત સંઘ દ્વારા યોજાતી રમતોમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવી ગુણવત્તા ધરાવતા ઉમેદવાર તે અંગે ઠરાવેલ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ નિયત પ્રમાણપત્ર રજુ કરશે તો તેમના કીસ્સામાં પસંદગી અંગેની જરૂરિયાત ૫% થી વધુ ન હોય તો તે રીતે ઘટાડવામાં આવશે. ખેલાડી ઉમેદવારને ઉપર પ્રમાણેની છૂટછાટ આપ્યા બાદ અન્ય ઉમેદવારના ગુણ સમાન થશે તો ખેલાડી ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

૧૧. વિધવા ઉમેદવારને તેઓએ મેળવેલ ગુણ ઉપરાંત ૫ ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે.

૧૨. અરજદારે અરજદારના નિયોકતાનું ના વાંધા પ્રમાણપત્ર રૂબરૂ મુલાકાત વખતે કે પ્રમાણપત્રની ખરાઇ વખતે અવશ્ય રજુ કરવાનું રહેશે.

૧૩. આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક ઠરાવેલ શરતોને આધીન કરવામાં આવશે.

૧૪. પસંદગી યાદી www.gmers.gujarat.gov.in વેબસાઇટ ઉપર પણ જાહેર કરવામાં આવશે. પસંદગી યાદીમાં સમાવેશ થવા માત્રથી ઉમેદવારને નિમણુંકનો હકક પ્રાપ્ત થશે નહીં.

## (૧૧) સામાન્ય સુચનાઓ :

(૧) ભરતી સંબંધિત તમામ સુચનાઓ / વિગતો વખતો વખત www.gmers.gujarat.gov.in વેબસાઈટ ઉપરથી જોવા મળશે.

(૨) ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના ચકાસણી માટે અસલ પ્રમાણપત્ર બતાવવાના રહેશે. આ કચેરી દ્વારા જ્યારે મંગાવવામાં આવે ત્યારે જે તે સ્થળે અને સમયે સ્વખર્ચે રૂબરૂ રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક રદ જાહેર કરવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઇ પણ વિગત અને ઉમેદવારે નિમણૂંક સતાધિકારી સમક્ષ રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, અનુભવ, વય, જાતિ અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે નિમણૂંક અધિકારી દ્વારા ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની ઉમેદવારી રદ કરવામાં આવશે. તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ આવા ઉમેદવારોની જો પસંદગી /નિમણુંક થયેલ હશે, તો કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.

(૪) આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે, તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યાઓમાં વધઘટ કરવાની આવશ્યક્તતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક્ક / અધિકાર સોસાયટીના ચેરમેનને રહેશે. સોસાયટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને અરજી ફી પરત મળશે નહિં.

(૫) આ સંવર્ગની સીધી ભરતી પ્રક્રિયા સંપુર્ણપણે જીએમઇઆર સોસાયટીના સેવા વિષયક નિયમો (સામાન્ય)- ૨૦૧૪ મુજબ અને ભરતી નિયમોને આધીન કરવામાં આવશે.

(૬) ઉમેદવારે પોતે પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણુંકનો દાવો કરવાને હક્કદાર થશે નહિં. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે ઉમેદવાર જાહેર સેવા સારૂ કે જીએમઈઆર સોસાયટીના સેવા વિષયક (સામાન્ય) નિયમો મુજબ અને આ જગ્યાની ભરતી માટે યોગ્ય જણાતો નથી, તો જે તે તબક્કે આવા ઉમેદવારોને તેની નિમણુંક બાબતે નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૭) સામાન્ય સંજોગોમાં પસદંગી યાદી એક વર્ષ સુધી અમલમાં રહેશે. આમ છતાં કોઇ કારણોસર સંબધિત જગ્યા ભરવા માટે એક વર્ષની અંદર નવી જાહેરાત આપવામાં આવે તેવા સંજોગોમાં જે તે જગ્યાની બીજી પસંદગી યાદી જાહેર થાય તે તારીખ સુધીમાં અમલમાં રહેશે.

(૮) પસંદગી યાદીની એક વર્ષની મુદત પુરી થયા બાદ વહીવટી કારણોસર યોગ્ય જણાય તેવા ખાસ કિસ્સામાં વિગતવાર કારણોની સ્પષ્ટતા સાથે ચેરમેન જીએમઇઆરએસ પસંદગી યાદીની મુદત વધુમાં વધુ બીજા એક વર્ષ માટે લંબાવી શકશે.

(૯) આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ક્રમ ૧ થી ૩ ની જગાના ઉમેદવારને ફીક્સ પગારની યોજના અને શરતોને આધીન પ્રથમ પાંચ વર્ષ માટે કરાર આધારિત અને ત્યારબાદ સંતોષકારક કામગીરી જણાયે પૂરા પગાર ધોરણમાં મુકવામાં આવશે. ક્રમ-૪ અને ૫ની જગાના ઉમેદવારો પુરા પગાર સાથે નિમણુંકની શરતોને આધીન નિમણુંક આપવામાં આવશે. જે નિવૃત સરકારી કર્મચારીઓ ક્રમ ૪ અને ૫ ની જગ્યાએ પસંદગી પામશે તેઓને ફીક્સ પગારથી અગિયાર માસના કરારથી નિમણુંક આપવામાં આવશે.

ચેરમેન
ગુજરાત મેડીકલ એજ્યુકેશન
એન્ડ રીસર્ચ સોસાયટી
ગાંધીનગર.

**ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી**
**"ઓ" બ્લોક, ચોથો માળ, ન્યુ ઓપીડી બીલ્ડીંગ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ,**
**પથિકાશ્રમ હોટલ સામે, સેકટર-૧૨, ગાંધીનગર**
**(ગુજરાત સરકાર ધ્વારા સ્થાપિત સોસાયટી)**

____________________________ની જગ્યા માટેનું અરજીપત્રક

૧. પુરેપુરૂ નામઃ

(ગુજરાતીમાં) ______________________________________________

(અંગ્રેજીમાં) ______________________________________________

૨. પત્ર વ્યવહારનું સરનામું: ______________________________________________

(પીન કોડ નંબર સાથે) ______________________________________________

૩. વતનઃ ____________________________

૪. સંપર્ક નંબરઃ (૧) મોબાઇલ નંબરઃ________________(૨) એસટીડી કોડ નંબર સાથે લેન્ડ લાઇન નં.____________ (૩) ઇમેઇલ આઇ.ડીઃ__________________________________________

૫. જન્મતારીખઃ____________________ઉંમરઃ વર્ષ_______માસ______દિવસ________

૬. (અ) જાતિઃ પુરૂષ ☐ મહિલા ☐

(બ) મહિલા ઉમેદવારના કિસ્સામાં વિધવા છે? હા ☐ ના ☐

(ક) જો વિધવા હોય તો પુનઃલગ્ન કરેલ છે? હા ☐ ના ☐

૭. (૧) ઉમેદવાર અનામત કેટેગરીના છે કે બિનઅનામત (લાગુ પડતુ હોય તેમાં (ટીક) કરવી

અનામત ☐ બિનઅનામત ☐

(૨) જો અનામત કેટેગરીના હોય તો

એસસી ☐ એસટી ☐ એસઇબીસી ☐

(૩) પ્રમાણપત્રની તારીખઃ________________

(૪) એસઇબીસીના કિસ્સામાં ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોવાનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે. હા ☐ ના ☐

(૫) જો હા તો તેની તારીખ________________

૮. ઉમેદવાર

૧. શારીરીક અપંગ છે? હા ☐ ના ☐ જો હા તો રજુ કરેલ પ્રમાણપત્રની તારીખ______

૨. માજી સૈનિક છે? હા ☐ ના ☐ જો હા તો રજુ કરેલ પ્રમાણપત્રની તારીખ______

૩. રમત ગમત ખેલાડી છે? હા ☐ ના ☐ જો હા તો રજુ કરેલ પ્રમાણપત્રની તારીખ______

૯. ઉમેદવાર સરકારી/અર્ધ સરકારી/સરકારી બોર્ડ કોર્પોરેશન/સોસાયટીમાં હાલ ફરજ બજાવતા હોય તો

તે કચેરીનું નામ સરનામું:_______________________

હાલની ફરજનો હોદદો: _______________________

હાલની ફરજમાં જોડાની તારીખ:___________________

૧૧. શૈક્ષણિક લાયકાતની વિગત:

| ક્રમ | મેળવેલ લાયકાત | બોર્ડ/યુનિ.નું નામ | પાસ કર્યાનું વર્ષ | મેળવેલ ગુણ | કુલ ગુણ ટકા |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

૧૨. ભાષા અંગેની જાણકારી:

| | વાંચી શકે છે. | લખી શકે છે. | બોલી શકે છે. |
|---|---|---|---|
| ગુજરાતી | ☐ | ☐ | ☐ |
| હિન્દી | ☐ | ☐ | ☐ |
| અંગ્રેજી | ☐ | ☐ | ☐ |

૧૩. જાહેરાતની જગા માટે કોઇ કાયદા હેઠળ રજીસ્ટ્રેશન જરૂરી હોય તો

૧. કાઉન્સિલનું નામ: ___________________________________ ૨. રજીસ્ટ્રેશન નંબર અને

તારીખ:-_________________________________________

૧૪. ઉમેદવાર કોમ્પ્યુટરના ઉપયોગ અંગે સરકાર માન્ય સંસ્થાનું પાયાની જાણકારીનું પ્રમાણપત્ર ધરાવે છે? હા ☐ ના ☐ જો હા તો

(અ) પ્રમાણપત્ર એનાયત કરનાર સંસ્થાનું નામ :______________________

(બ) પ્રમાણપત્રની તારીખ:______________________

૧૫. અનુભવની વિગત:

| ક્રમ | સંસ્થાનું નામ | હોદ્દો | અનુભવ | |
|---|---|---|---|---|
| | | | તા. થી તા. સુધી | વર્ષ/માસ |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

૧૬. રાષ્ટ્રીયતા:________________________________

૧૭. અરજી ફીની વિગત: રકમ __________ ,ડીડી નં _______________ ,તારીખ _____________ બેંકનુનામ _______________

તારીખ:________________________

સ્થળ:__________________________ અરજદારનીસહી:__________________

## બાંહેધરી

ઉપર દર્શાવેલ વિગતો સંપૂર્ણપણે સત્ય છે. જો તે ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાય તો મારી અરજી આપોઆપ રદ ગણાશે. અને જે કોઇ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે. જાહેરાતમાં દર્શાવેલ તમામ નિયમો અને શરતો મે વાંચી છે, સમજી છે અને કબુલ મંજુર છે.

તારીખ:

સ્થળ: અરજદારની સહી